# એલપીજી અને ડીઝલમાં તોળાતો ભાવ વધારો

નવી દિલ્હી, તા.૯

ડૉલર સામે રૂપિયાની કિંમતમાં હાલમાં ભારે ઘટાડો જોવા મળી રહ્યો છે. ડૉલર સામે રૂપિયાની ઘટતી જતી કિંમતના પરિણામ સ્વરૂપે અનેક ચીજવસ્તુઓની કિંમતમાં વધારો થવાના સંકેત દેખાઈ રહ્યા છે જેથી ગરીબ અને મધ્યમવર્ગના લોકો ઉપર વધારે બોજ આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. એલપીજી અને ડીઝલની કિંમતમાં વધારો કરવાનો તખતો પણ ગોઠવાઈ ચૂક્યો છે. મળેલી માહિતી મુજબ રૂપિયામાં તીવ્ર ઘટાડો થયા બાદ સરકાર ઓઈલ માર્કેટિંગ કંપનીઓનું તેમના નુકસાનને પહોંચી વળવા દર મહિને ૧ રૂપિયા સુધી ડીઝલની કિંમતમાં વધારો કરવા મંજૂરી આપી શકે છે. ડીઝલ અને એલપીજીની કિંમતમાં વધારો તવાની સ્થિતિમાં અન્ય કિંમત પણ



વધશે. નુકસાનની ભરપાઈ કરવા એલપીજી અને ડીઝલની કિંમત દર મહિને વધારવા ઓઈલ માર્કેટીંગ કંપનીઓને મંજૂરી મળી શકે છે. આ નાણાંકીય વર્ષની શરૂઆત થયા બાદથી ડૉલર સામે રૂપિયામાં ૧૨ ટકા સુધીનો ઘટાડો થઈ ચૂક્યો છે. આનો મતલબ એ થયો કે આયાત કરવામાં આવતા રમકડાં અને કાર તથા મોબાઈલ ફોન જેવી ચીજવસ્તુઓ મોંઘી બને તેવા સંકેત છે. આવી જ રીતે આયાતી રો મટેરિયલ ઉપર આધારિત સ્થાનિક ચીજવસ્તુઓ પણ મોંઘી થશે. ઈલેક્ટ્રી સિટી વધુ ખર્ચાળ સાબિત થઈ શકે છે. ખાદ્ય તેલની કિંમતમાં પણ ઊથલ પાથલ જોવા મળી શકે છે.

જો કે પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં સૌથી માઠી અસર થવાની શકયતા દેખાઈ રહી છે. આ મહિનાની શરૂઆતમાં ડીઝલની કિંમતમાં ૫૦ પૈસાનો વધારો કરવામાં આવ્યો હતો. ઓઈલ કંપનીઓને હજુ પણ લીટર દીઠ ૮.૬૦ રૂપિયાનું નુકસાન થઈ રહ્યું છે. જ્યારે સબસીડીવાળા રાંધણગેસના સિલિન્ડર ઉપર ૩૮૦ રૂપિયાનું નુકસાન થઈ રહ્યું છે. ૫૦ પૈસાનો વધારો ત્રણ મહિનાથી લાગુ છે પરંતુ આની અસર દેખાઈ રહી નથી. હવે રાંધણગેસની કિંમત સિલિન્ડર દીઠ ૧૦૦ રૂપિયા વધારવાની સ્થિતિમાં રાહત મળી શકે છે. ઓઈલ મંત્રાલય પણ આ બોજ હાલમાં ઉપાડવા સરકાર સમક્ષ રજૂઆત કરી ચૂકી છે. સરકાર અને પેટ્રોલિયમ મંત્રાલય વચ્ચે વાતચીત અનૌપચારિક રીતે થઈ ચૂકી છે. ભાવમાં વધારો ઓઈલ કંપનીઓને રાહત આપી શકે છે. ડીઝલની કિંમતમાં વધારાથી ફુગાવો વધી શકે છે. જો કે સરકાર સામે ઘણી સમસ્યાઓ રહેલી છે.

## બિહારમાં લાલુ રાજ પરત આવ્યું છે : રાજનાથસિંહ

પટણા, તા.૯

ભાજપ પ્રમુખ રાજનાથસિંહે આજે એક કાર્યક્રમમાં આરજેડીના નેતા લાલુપ્રસાદ યાદવનો ઉલ્લેખ કર્યો હતો. રાજનાથસિંહ દ્વારા કરાયેલા આ નિવેદનને ખુબજ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે કારણ કે લોકસભાની ચૂંટણી નજીક છે અને ભાજપ સાથે જેડીયુના સંબંધોનો અંત આવી ગયો છે. રાજનાથસિંહે કહ્યુ હતુકે બિહારના મુખ્યમંત્રી નીતિશકુમાર સત્તામાં ચાલુ રહેવાની તેમની નૈતિક સત્તા ગુમાવી ચુક્યા છે. હાલમાં જ એક પછી એક ગુનાઓ બન્યા છે. બિહારમાં અંધાધૂંધી પ્રવર્તી રહી છે. બિહારમાં લાલુ રાજની હવે વાપસી થશે. ભાજપ સાથે જેડીયુના ભંગાણના એક મહિનાની અંદર જ અરાજકતા જેવી સ્થિતિ સર્જાઈ ગઈ છે. એમ લાગી રહ્યુ છે કે લાલુ રાજ બિહારમાં પરત ફરી રહ્યુ છે. આરજેડીના વડા લાલુ પ્રસાદ યાદવના રાજકીય હરીફો અગાઉ તેમના રાજની ટીકા કરી ચુક્યા છે. ૧૯૯૦ અને ૨૦૦૫ વચ્ચેના ગાળામાં બિહારમાં આરજેડીનું શાસન હતુ.

તે ગાળા દરમિયાન ભાજપે લાલુના શાસનની આકરી ટીકા કરી હતી પરંતુ હવે સંજોગો બદલાઈ રહ્યા છે. સમીકરણો પણ હવે બદલાઈ રહ્યા છે. રાજનાથસિંહે કહ્યુ હતુ કે નૈતિક આધાર પર શાસન ખોરવાઈ ગયુ છે. શાંતિપૂર્ણ આદિવાસી લોકો પર પોલીસ ગોળીબારના કેસ બાદ મુખ્યમંત્રી સત્તામાં રહેવાનો નૈતિક અધિકાર ગુમાવી ચુક્યા છે.

રાજ્યસભામાં વિપક્ષના નેતા અરૂણ જેટલી પણ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા અને તેઓએ પણ એનડીએ સાથે છેડો ફાડી લેવાના જેડીયુના નિર્ણયની નિંદા કરી હતી. જેટલીએ કહ્યુ હતુ કે બિહારમાં આગામી વિધાનસભાની ચૂંટણીમાં પોતાની તાકાત પર પક્ષ સત્તા પર આવે તેવા પ્રયાસો કાર્યકરોએ કરવા જોઈએ. રાજનાથસિંહે કહ્યુ હતુકે બિહારમાં હાલ અરાજકતા ફેલાયેલી છે અને એમ લાગે છે કે બિહારમાં લાલુરાજ પરત ફરી રહ્યુ છે.

## બોધગયા વિસ્ફોટની તપાસ એનઆઇએને સોંપાય તેવી શક્યતા

ગયા, તા. ૯

બિહારનાં ગયા સ્થિત મહાબોધી મંદિરમાં રવિવારે શ્રેણીબંધ નવ બોમ્બ બ્લાસ્ટ થયા બાદ આ બ્લાસ્ટ અંગેની કડીઓ મેળવવાનો પ્રયત્ન બિહાર પોલીસ દ્વારા કરવામાં આવી રહ્યો હતો. પરંતુ બે દિવસનાં અંતે પણ બિહાર પોલીસને આ આતંકવાદી કૃત્ય અંગેની એક પણ કડી હાથ ન લાગતા આખરે આ બ્લાસ્ટની તપાસ એનઆઈએને સોંપાય તેવી સંભાવનાં છે.

સૂત્રોનાં જણાવ્યા અનુસાર બિહાર પોલીસને જો આ બાબતે કોઈ નક્કર પુરાવા નહીં મળે તો સંપૂર્ણ કેસની તપાસ એનઆઈએને સોંપવામાં આવશે. બિહાર પોલીસે સોમવારે દાવો કરતાં જણાવ્યું હતું કે તેઓ મહાબોધી મંદિરમાં થયેલા હુમલામાં એક વ્યક્તિની ધરપકડ કરી છે. મહાબોધી મંદિરમાં થયેલા બ્લાસ્ટનાં સીસીટીવી ફુટેજ ગઈકાલે સોમવારે જાહેર કરવામાં આવ્યા હતા અને આ ફુટેજમાંના કેટલાક ફુટેજ એનઆઈએ દ્વારા મંગાવવામાં આવ્યા છે અને આ ફુટેજનાં આધારે એનઆઈએ આ કૃત્ય અંગેની કડી હાથ મેળવવા માટેનો પ્રયત્ન કરી રહી છે. મહાબોધી મંદિરનાં પરિષરને નિશાન બનાવવા માટે થયેલા આ બોમ્બ વિસ્ફોટમાં એમોનિયમ નાઈટ્રેટ અને સલ્ફરનું મિશ્રણનો ઉપયોગ કરવામાં આવ્યો હતો અને આ મિશ્રણ સાથે નાના સિલિન્ડરો ગોઠવવામાં આવ્યા હતા. વિસ્ફોટનાં સ્થળથી નમુના એકત્ર કરી રહેલી એનએસજીની ટીમ દ્વારા કેન્દ્રિય ગૃહ મંત્રાલયને એક રિપોર્ટ આપવામાં આવ્યો છે જેમાં જણાવવામાં આવ્યું છે કે આઈઈડીનો ઉપયોગ ટાઈમર જોડીને કરવામાં આવ્યો હતો. એનએસજીનાં રિપોર્ટમાં એ પણ માહિતી આપવામાં આવી હતી કે એમોનિયમ નાઈટ્રેટ, સલ્ફર, પોટેશીયમનાં મિશ્રણમાં છરા પણ ભેળવવામાં આવ્યા હતા જેથી કરીને મંદિર પરિશરને ખુબ જ નુકસાન પહોંચાડી શકાય. વિસ્ફોટકો નાના



સિલિન્ડરોમાં રાખવામાં આવ્યા હતા જેનો સામાન્ય રીતે ઘરેલુ ઉપયોગ કરવામાં આવે છે. સૂત્રોનાં જણાવ્યા અનુસાર એનએસજીની ટીમ મંદિર પરિસરમાંથી સંપૂર્ણપણે નમૂના એકત્ર કર્યા બાદ જ રવાના થશે. એનઆઈઈ, રાષ્ટ્રિય સુરક્ષા ગાર્ડ અને અન્ય એજન્સીઓ દ્વારા હાલ આ બોમ્બ વિસ્ફોટની કડીઓ મેળવવાની કામગીરી કરવામાં આવી રહી છે. બિહારનાં મુખ્યમંત્રી નીતિશકુમારનાં જણાવ્યા અનુસાર તેઓ સીઆઈએસએફને આ મંદિરને સુરક્ષા વ્યવસ્થા પુરી પાડવા માટે જાણ કરશે. એનએસજીએ હાલમાં ઘટના સ્થળથી નમુના મેળવીને કેન્દ્રિય ગૃહ મંત્રાલયનો પોતાનો પ્રાથમિક રિપોર્ટ આપ્યો છે. એનએસજીનાં જણાવ્યા અનુસાર વિસ્ફોટમાં ઓછી તિવ્રતાવાળા વિસ્ફોટકોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો અને અનલોગ ક્લોકનો પણ ટાઈમર સાથે જોડીને ઉપયોગ કરવામાં આવ્યો હતો.

એનએસજીનાં રિપોર્ટ મુજબ બોમ્બમાં એમોનિયમ નાઈટ્રેટ અને સલ્ફરનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

## ઘૂસણખોરીનો મોટો પ્રયાસ નિષ્ફળ : ૫ ત્રાસવાદી ઠાર

શ્રીનગર, તા.૯

ઉત્તરકાશ્મીરના કૂપવારા જિલ્લામાં સરહદ પારથી ઘૂસણખોરીના એક મોટા પ્રયાસને આજે નિષ્ફળ બનાવી દેવામાં આવ્યો હતો. પાંચ સશસ્ત્ર આતંકવાદીઓને ભારતીય સેનાએ ઠાર મારી દીધા હતા. ઘૂસણખોરીના પ્રયાસો હાલના દિવસોમાં આતંકવાદીઓએ વધારી દીધા છે. માર્યા ગયેલા આતંકવાદીઓની પાસેથી મોટી માત્રામાં હથિયારો પણ કબજે કરવામાં આવ્યા છે. સંરક્ષણ પ્રવકતાએ વિગત આપતા કહ્યુ છે કે ફરકિયન ગલીમાં અંકુશરેખા ઉપર ફરજ બજાવતા સૈનિકોની સાથે ઘૂસણખોરી કરી ચુકેલા આતંકવાદીઓની જોરદાર અથડામણ થઈ હતી. કલાકો સુધી સામ સામે ગોળીબાર થયો હતો. આખરે પાંચ આતંકવાદીઓ માર્યા ગયા હતા. પ્રવકતાએ કહ્યુ હતુ કે અંકુશરેખાની ભારતીય બાજુમાં આઠથી નવ આતંકવાદીઓ ઘૂસી ગયા બાદ તેમને શરણાગતિ સ્વીકારી લેવા માટે સેનાએ પડકાર ફેંક્યો હતો પરંતુ આતંકવાદીઓએ શરણાગતિ સ્વીકારવાના બદલે સૈનિકો પર ગાળીબાર કર્યો હતો. વહેલી સવારે વાડ અને અંકુશરેખા વચ્ચે આતંકવાદી આવી ગયા બાદ સામસામે ગોળીબાર શરૂ થયો હતો. હાલમાં વાર્ષિક અમરનાથ યાત્રા ચાલી રહી છે ત્યારે આતંકવાદીઓએ એકાએક ઘૂસણખોરીની પ્રવૃત્તિ વધારી દીધી છે. ઘૂસણખોરીના બનાવોમાં વધારો થયો છે. લશ્કરે તોયબા અને અન્ય આતંકવાદી સંગઠનોની ગતિવિધિ પર જવાનોએ બ્રેક મુકી દીધા બાદ તેના અસ્તિત્વ સામે પ્રશ્નો ઉભા થયા છે જેના લીધે આતંકવાદીઓ કોઈ પણ રીતે તેમની હાજરી સાબિત કરવાના પ્રયાસ કરી રહ્યા છે આ જ કારણસર વારંવાર તેઓ ઘૂસણખોરીના પ્રયાસો કરી રહ્યા છે. હાલમાં જ સેનાના કાફલા અને પોલીસને ટાર્ગેટ બનાવીને કેટલાક હુમલાઓ પણ કરવામાં આવ્યા છે.

## ટાટા ગૃપની કંપનીઓમાં ટીસીએસ ટોચના ક્રમાંકે

નવીદિલ્હી, તા. ૯

સોફટવેર ક્ષેત્રે અગ્રણી ગણાતી ટીસીએસએ કંપનીએ પોતાના જૂથની કંપનીઓમાં અગ્રણ્ય સ્થાન મેળવ્યું છે. ટીસીએસે ટાટા ગ્રુપની ટાટા સ્ટીલને પાછળ મૂકીને પ્રથમ હરોળોમાં સ્થાન પ્રાપ્ત કર્યુ છે. ફોર્ચ્યુન દ્વારા બહાર પડાયેલ વિગતો મુજબ ટીસીએસ બાદ ટોચના ક્રમે રહેતી કંપનીઓમાં હિન્દુસ્તાન લિવર, આઈટીસી, ઈન્ફોસીસ અને એસબીઆઈનો સમાવેશ થાય છે. ગયા વર્ષે ફોર્ચ્યુન દ્વારા બહાર પાડવામાં આવેલ ઈન્ડેક્ષમાં ટાટા સ્ટીલ ટોચના ક્રમે હતી.

જે આ વર્ષે ૭માં ક્રમાંકે છે. જ્યારે આઈટીસી અને ઈન્ફોસીસ બંને કંપનીઓ ત્રીજા ક્રમાંક પર છે. વૈશ્વિક વેપાર મેગેઝિન ફોર્ચ્યુનના જણાવ્યા અનુસાર ટોપની ચાર કંપનીઓમાં ટાટા ગ્રૂપની ચાર કંપનીઓનો સમાવેશ થાય છે. જ્યારે સાર્વજનિક ક્ષેત્રમાં કુલ ૧૦ કંપનીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

આ સિવાય અન્ય બહુરાષ્ટ્રિય કંપનીઓ ભારતીય ઈક્યામસ્લન, કોકાકોલા, માઈક્રોસોફ્ટ, સેમસંગ, નોકિયા, ડેલ અને ઈન્ટેલનો સમાવેશ થાય છે. આ ક્રમાંકો કોર્પોરેટ સંચાલન નવપરિવર્તન, સીએસઆરના નેતૃત્વના આધારે તૈયાર કરવામાં આવે છે.

ટીસીએસ અને ટાટા સ્ટીલની અન્ય બે કંપનીઓ પણ ટોપમાં સ્થાન ધરાવે છે. એલએન્ડટી ૬ઠ્ઠા સ્થાને છે. જ્યારે મારૂતી સુઝુકી ૯માં સ્થાને અને આઈસીઆઈસીઆઈ બેંક ૧૦માં સ્થાન ઉપર છે. ટાટા મોટર્સ ૧૨માં સ્થાને તથા ટાટા પાવર ૫૦માં સ્થાન પર છે. જ્યારે સાર્વજનિક ક્ષેત્રમાં પ્રદાન કરતી કંપનીઓમાં એસબીઆઈ પાંચમાં ક્રમાકે તથા ઓએનજીસી આઠમાં ક્રમાક પર છે.

ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન ૧૧માં ક્રમાકે છે. સેલ ૨૨માં ક્રમાકે, ભારતીય પેટ્રોલિયમ ૨૫માં ક્રમાકે, એનટીપીસી ૨૮માં ક્રમાકે, આઈપીસીએલ ૩૧માં ક્રમાકે ગેલ ૩૪માં ક્રમાંકે છે. ઓએનજીસી ૪૭માં ક્રમાંકે તથા કોલ ઈન્ડિયા ૪૮માં ક્રમાંકે છે.

માઈક્રોસોફટ ઈન્ડિયા, કોલગેટ પામોલીવ, આઈબીએમ ઈન્ડિયા, સેમસંગ ઈન્ડિયા ઈલે., ભારતી એરટેલ, કેડબરી, ડેલઈન્ડિયા, સીમ્નસ ઈનટેલ ઈન્ડિયા, નોકિયા ઈન્ડિયા અને સોની ઈન્ડિયા અનુક્રમે ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૩, ૩૨, ૩૬, ૩૮, ૪૨, ૪૪ ક્રમાંક પર છે.

## ચીનના સૈનિકોની ઘૂસણખોરીથી ચકચાર

નવી દિલ્હી, તા.૯

ચીનની સેનાએ થોડાક દિવસ પહેલા લેહ અને લડાખ સેક્ટરમાં ઘૂસણખોરી કર્યા બાદ બંને દેશો વચ્ચે તંગદિલી ચરમસીમા પર પહોંચી ગઈ હતી. હવે આશરે બે સપ્તાહ પહેલા જ ચીની સેનાએ ફરી એકવાર આ ક્ષેત્રમાં ઘૂસણખોરી કરી હતી અને સ્થાનિક લોકોને હિન્દી ભાષામાં ચેતવણી પણ આપી હતી. ભારતીય ચોકીઓમાં તોડફોડ પણ કરી હતી. ચીની સૈનિકો ભારતીય ક્ષેત્રમાં ઘૂસી ગયા હતા. ચીની સૈનિકોએ એક પગલું આગળ વધીને આ વખતે ત્યાં લગાવવામાં આવેલા હાઈ રિઝોલ્યુશન કેમેરાઓને પણ તોડી નાંખ્યા હતા. સરહદી ચોકી પર ગોઠવવામાં આવેલા કેમેરાઓના વાયર પણ કાપી નાંખ્યા હતા અને કેટલાક બંકરોને તોડી નાંખ્યા હોવાની માહિતી પણ મળી છે. ચીની સૈનિકોએ લડાખમાં ચુમાર સેક્ટરમાં ઘૂસણખોરી કરી હતી. આ વિસ્તાર એ જ વિસ્તાર છે જ્યાં એપ્રિલમાં પણ આવી જ સ્થિતિ સર્જાઈ હતી. આ બનાવ ૧૭મી જૂને બન્યો હતો પરંતુ મામલો હવે સપાટી પર આવ્યો છે.

ભારતીય સેનાએ આશરે એક મહિના પહેલા આ કેમેરાઓ મૂક્યા હતા. આ ઘટના સપાટી પર આવ્યા બાદ સેના હેડક્વાર્ટરે કોઈ પણ ટિપ્પણી કરી નથી. ત્રીજી જુલાઈના દિવસે ચુસુલમાં બંને દેશોના સૈનિક અધિકારીઓની ફ્લેગ મિટિંગ યોજાઈ હતી. આ બેઠક બાદ ભારતીય સેનાની ટુકડીને નુકસાન પામેલા કેમેરાઓ આપી દેવામાં આવ્યા હતા. આ ઘટના ૧૭મી જૂનના દિવસે બની હતી. એ વખતે ચીની સેનાની એક ટુકડી ભારતીય ક્ષેત્રમાં ઘૂસી ગઈ હતી. ચુમાર નજીક દોલતબેગ ઓલ્ડી ક્ષેત્રમાં લગાવવામાં આવેલા કેમેરાઓ તોડી પાડવામાં આવ્યા હતા.

અધિકારી સૂત્રોએ કહ્યુ છે કે ૧૭મી જૂનના દિવસે ચીનની પીપલ્સ લિબરેશન આર્મીના જવાનો ચુમાર સેક્ટરમાં ભારતીય ક્ષેત્રમાં ઘૂસી ગયા હતા અને બંકરોને તોડી પાડ્યા હતા સાથે સાથે ચીની સૈનિકો પર નજર રાખવા મૂકવામાં આવેલા સાધનોને પણ તોડી પાડવામાં આવ્યા હાત. ચૂમાર ક્ષેત્ર અહીંથી ૩૦૦ કિલોમીટરના અંતરે સ્થિત છે. ચીની સૈનિકોની આ ઘૂસણખોરી બાદ ફરી એકવાર તંગદિલી ફેલાઈ ગઈ છે. જો કે આ માહિતી ખૂબ મોડેથી બહાર આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે ચીની સેનાના જવાનો હિન્દીભાષાના જાણકાર હતા જેથી આ લોકોએ સ્થાનિક લોકોને ધમકી પણ આપી હતી.

### વાર્તા (ખોવાયેલો પરિવાર) (પાના નં. ૪ નું ચાલુ)

રજનીભાઇ મૂંઝાયેલા જણાતા હતા. અપંગ`પુત્ર અને પત્નીને ફરવા લઇ જવાનો વાયદો નડતો હતો. "શું વિચારમાં પડ્યા રજનીજી?" અનિરૂદ્ધભાઇએ સહસા પૂછ્યું. પોતાની પકડાઇ જવાની બીકે તરત "ના, ના. એવું કાંઇ નથી. આ તો ફેમીલી જવાનો વિચાર કરતો હતો."એમ બોલી બચાવ કર્યો હતો. પણ ત્યાં ડ્રાઇવર પરંતુ નોકર શું કામ કરતો કરસન બોલ્યો.

"મહારાજ, મારાથી નહીં આવી શકાય. આ વખતે મારી દીકરીને, પત્ની અને ઘરડી માને લઇ દ્વારકા, સોમનાથ જવું છે." સૌએ ઘણો સમજાવ્યો, પણ તે ન માન્યો. અરે સ્વામીએ તો રીતસર ધમકી જ આપી દીધી, "તો બીજે નોકરી ગોતવા માંડજે, જો ના આવવું હોય તો." કશો જવાબ આપ્યા વગર કરસન નીચા માથે બહાર ગયો.

રજનીભાઇ સાંજે ઘેર આવવા નીકળ્યો. રસ્તે ખૂબ વિચારી નિર્ણય કર્યો કે હરિદ્વાર નથી જવું. દીકરાને અને પત્નીને ફરવા લઇ જવાં. ઘેર આવ્યાં. ઘરમાં કોઇને કશી વાત ન કરી. સવારે ના પાડવા સ્વામીજી પાસે તે ગયા પરંતુ તૈયારીઓ અને બધાંનો ઉત્સાહ જોતાં "ના" પાડવાનો વિચાર માંડીવાળ્યો.

સ્ટેશને ભારે રસાલા સાથે સૌ આવી પહોંચ્યા હતા. રજનીભાઇને બેગ-બિસ્તરો અને નવાં વસ્ત્રો પહેરી પહોંચી ગયા હતા.

સ્વામીજી ખૂબ ગુસ્સામાં હતા. કેમ કે કરસન

## મિસ્રમાં થયેલી હિંસાની સ્વતંત્ર તપાસ જરૂરી : બાન કી મૂન

ન્યુયોર્ક, તા. ૯

સંયુક્ત રાષ્ટ્ર મહાસચિવ બોન કી મૂનએ મિસ્રમાં હાલમાં થયેલી ઘટનાઓની નિંદા કરતાં જણાવ્યું હતુંકે આ ઘટનાઓ અંગે સ્વતંત્ર રીતે તપાસ થવી જોઈએ. નોંધનીય છે કે થોડા દિવસો અગાઉ મિસ્રમાં થયેલી હિંસામાં ૫૦ લોકોનાં મૃત્યુ નિપજ્યાં હતા.

કાહિરામાં ગઈકાલે સૈન્યનાં બેરેક બહાર ૫૧ લોકોનાં મૃત્યુ નિપજ્યાં હતા. આમાનાં મોટાભાગનાં લોકોને સત્તામાંથી હટાવી દેવામાં આવ્યા હતા અને આ લોકો મિસ્રનાં રાષ્ટ્રપતિ મહંમદ મુર્સીનાં વફાદાર હતા. બાનનાં જણાવ્યા અનુસાર સંયુક્ત રાષ્ટ્રનાં નેતાઓ આ હિંસાનાં પરિણામે ખુબ જ દુઃખી છે. મૂને આ અંગે વધુમાં જણાવ્યું હતું કે આ ઘટનાની સ્વતંત્રપણે તપાસ થવી જોઈએ અને દોષી વ્યક્તિઓને સખત સજા થવી જોઈએ અને તેમણે મિસ્રવાસીઓને સમાજાવતા જણાવ્યું હતું કે હાલમાં દેશ ખુબ જ ખરાબ પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યો છે અને આ પરિસ્થિતિમાંથી બહાર નિકળવા માટેનાં પ્રયત્નો સતત ચાલી રહ્યા છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે વિરોધ પ્રદર્શન શાંતિ પૂર્ણ રીતે થવો જોઈએ અને સુરક્ષા બળોનાં આદેશોનું પાલન થવું જોઈએ. તેમણે મિસ્રવાસીઓએને જણાવ્યું હતું કે તેમણે આ પરિસ્થિતિ અંગે શાંતિ જાળવવી જોઈએ અને સહમતિથી કામ લેવું જોઈએ.

**ફુડ સિક્યુરિટી બિલના મુદ્દે ચર્ચા થશે**

## કોંગ્રેસના મુખ્યમંત્રીઓની ૧૩મીએ મહત્વની બેઠક

નવી દિલ્હી, તા.૯

કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીએ ફુડ સિક્યુરિટી બિલના મામલે ૧૩મી જુલાઈના દિવસે રાજ્યોના મુખ્યમંત્રીઓ અને પીસીસીના વડાઓની બેઠક બોલાવી છે. સોનિયા ગાંધીએ કોંગ્રેસ શાસિત રાજ્યોના મુખ્યમંત્રીઓની બોલાવેલી બેઠકમાં આ બિલના મહત્વ પર ચર્ચા વિચારણા કરવામાં આવશે. કોંગ્રેસ માને છે કે ફુડ સિક્યુરિટી બિલ ગેમ ચેન્જર તરીકે સાબિત થઈ શકે છે. સરકારે થોડાક દિવસ પહેલા જ ફુડ સિક્યુરિટી વટહુકમ જારી કરીને આને અમલી બનાવવાની જાહેરાત કરી દીધી છે. આની સાથે જ દેશના ૮૨ કરોડ લોકોને સસ્તા અનાજ માટેનો અધિકાર મળી જશે. આ વટહુકમમાં કેટલીક વિશેષતાઓ રહેલી છે.

ફુડ સિક્યુરિટી બિલને લઈને કોંગ્રેસ તમામ રાજકીય લાભ ઉઠાવવાની પણ યોજના ધરાવે છે. આ વર્ષે જાન્યુઆરી મહિનામાં જયપુરમાં કોંગ્રેસના ચિંતન શિબિર બાદ કોંગ્રેસના નેતાઓની આ પ્રથમ મોટી બેઠક હશે. ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર ડીબીટી સ્કીમ અને ફુડ સિક્યુરિટી એક્ટને લઈને કોંગ્રેસ ખૂબજ ઉત્સાહિત છે. વર્ષ ૨૦૧૪માં યોજાનારી સામાન્ય ચૂંટણીને લઈને કોંગ્રેસ આગળ વધતા પહેલા આને ખુબ મહત્વપૂર્ણ ગણે છે. યુપીએ-એકના ગાળા દરમિયન મનરેગાની જાહેરાત કરાઈ હતી જ્યારે ખેડૂતોની લોન માફીની જાહેરાત કરાઈ હતી.

## ઈંગ્લેન્ડ અને ઓસ્ટ્રેલિયાની વચ્ચે આજથી એશીઝ જંગ

લાખો ક્રિકેટ ચાહકો જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોઈ રહ્યા છે તે ઓસ્ટ્રેલિયા અને ઈંગ્લેન્ડ વચ્ચે એશીઝ શ્રેણીની આવતીકાલથી પરંપરાગત રીતે શરૂઆત થઈ રહી છે. એશીઝ શ્રેણીનો ઈતિહાસ ખૂબ જ રોમાંચક રહ્યો છે. એશીઝ શ્રેણી ઓસ્ટ્રેલિયા અને ઈંગ્લેન્ડ બંનેમાટે પ્રતિષ્ઠાનો વિષય રહ્યો છે. આવતીકાલથી પ્રથમ ટેસ્ટ મેચ શરૂ થયા બાદ ઘણા દિવસ સુધી એશીઝ શ્રેણીની રોમાંચકતા રહેશે. આંકડા ઉપર નજર કરવામાં આવે તો ઈંગ્લેન્ડમાં હજુ સુધી ૧૫૯ ટેસ્ટ મેચ રમાઈ છે જે પૈકી ઈંગ્લેન્ડે ૪૫ અને ઓસ્ટ્રેલિયાએ ૪૭ ટેસ્ટ મેચ જીતી છે. બીજી બાજુ ઓસ્ટ્રેલિયામાં ૧૭૦ ટેસ્ટ મેચ રમાઈ



છે જે પૈકી ઈંગ્લેન્ડે ૫૭ અને ઓસ્ટ્રેલિયાએ ૮૬ ટેસ્ટ મેચ જીતી છે. ઈંગ્લેન્ડ અને ઓસ્ટ્રેલિયા વચ્ચે કુલ ૩૨૬ ટેસ્ટ મેચો હજુ સુધી રમાઈ ચૂકી છે જે પૈકી ઈંગ્લેન્ડે ૧૦૨ અને ઓસ્ટ્રેલિયાએ ૧૩૩ ટેસ્ટ મેચો જીતી છે. ૯૧ ટેસ્ટ મેચ ડ્રોમાં પરિણમી છે. ઈંગ્લેન્ડના કેપ્ટન કુક અને ઓસ્ટ્રેલિયાના કેપ્ટન માઈકલ ક્લાર્કે આ ટેસ્ટ શ્રેણીમાં એકબીજાને પછાડવા માટેની તમામ તૈયારીઓ કરી લીધી છે. જો કે આ એશીઝ શ્રેણીમાં ઓસ્ટ્રેલિયા સામે વધારે પડકારરૂપ સ્થિતિ રહેશે. કારણ કે હવે ઓસ્ટ્રેલિયન ટીમમાં અનુભવી ખેલાડીઓનો અભાવ દેખાઈ રહ્યો છે. રિકી પોન્ટિંગ, બ્રેટલી અને શેન વોર્ન જેવા ખેલાડીઓ દેખાઈ રહ્યા નથી. બંને ટીમોમાં નવા ખેલાડીઓ વધારે દેખાઈ રહ્યા છે. એશીઝ શ્રેણીની રોમાંચકતા આવતીકાલથી શરૂ થશે. ઈંગ્લેન્ડમાં આ રમાનારી આ ટેસ્ટ શ્રેણીની પાંચમી અને અંતિમ ટેસ્ટ મેચ ઓવલમાં ૨૧મી ઓગસ્ટથી ૨૫મી ઓગસ્ટ દરમિયાન રમાશે. પ્રથમ ટેસ્ટ મેચ નોટિંગ્હામમાં રમાનાર છે જેને લઈને તમામ ટિકિટો વેચાઈ ચૂકી છે.

## સમાચાર ઝલક

- નકલી એન્કાઉન્ટરમાં ઉત્તરપ્રદેશ પ્રથમ નંબરે...
- નિયમિત કસરત સગર્ભા મહિલાઓ માટે ખૂબ ઉપયોગી છે.
- પાકિસ્તાનમાં વ્યાપક ભૂખમરી, ૫૮% ટકા જનતાને બે ટાઇમની ભોજન મળતું નથી.
- બહુચરાજી માંડલમાં 'સર' હટાવો આંદોલન મહિલાઓને નેતૃત્વ લીધું.
- ભ્રષ્ટાચારના અપરાધની કબુલાત બાદ ચીનના ભૂતપૂર્વ પ્રધાને મૃત્યુદંડની સજા ફટકારી.
- ઇજિપ્તમાં રક્તપાતનો દોર યથાવત.
- પાલીતાણાની માનસિંહજી હોસ્પીટલમાં સરકારી કર્મચારીઓ દારૂ પીને ફરજ બજાવતા હોવાની સંસદસભ્યની રજૂઆત.
- ચાંદખેડામાં મહિલા પોલીસ સબ ઇન્સ્પેક્ટર ઉપર છરી વડે હુમલો.
- આજથી રમજાન માસનો પ્રારંભ, દુઆ, નમાજ અને બંદગીમાં વ્યસ્ત મુસ્લિમ બિરાદરો.
- ધૂમપાન કરનાર પુરૂષોને કેન્સરનો ભય વધુ : અમેરિકામાં કરાયેલો સર્વે.
- રાજ્યની મોટા ભાગની સ્પોર્ટસ ફી ઉઘરાવતી કોલેજો પાસે ગ્રાઉન્ડ જ નથી?
- તા. ૧૩મી આસપાસ ગુજરાતમાં સાર્વત્રિક વરસાદની આગાહી.
- હવે આવે છે 'સ્માર્ટ મીટર' વીજ બિલ નહિ ભરાય તો પુરવઠો આપોઆપ બંધ થઇ જશે.
- રાજકોટમાં શર્મનાક ઘટના - વિધાર્થીનીનું બાવડુ પકડી કારમાં ખેંચવાનો હીન પ્રયાસ.
- ભારતીય ક્રિકેટર મહેન્દ્રિસિંહ ધોનીએ ૩૨મો જન્મદિવસ ટ્રિનિદાદમાં સાથીઓ સાથે ઉજવ્યો.
- વિશ્વમાં રાઇ-સરસવ ઉત્પાદનમાં ભારત દ્વિતીય ક્રમે.
- સુપ્રસિદ્ધ ફિલ્મ નિર્માતા સુધાકર બોકાડેનું નિધન.
- ડોલર સામે રૂપિયો તૂટતાં મોંઘવારી ડૂચા કાઢશે.
- ગુજરાતમાં બુધવારે ૧૩૨ જગ્યાએ ભગવાનની જગન્નાથ નીકળશે.
- વ્યવસાયિક અભ્યાસક્રમોમાં ચમક ઝાંખી પડી. ૨૫% બેઠકો ખાલી!
- સોનાની દાણચોરીમાં તગડી કમાણી, અંધારી આલમમાં પગપેસારો શરૂ.
- વસીમ અક્રમ ૩૦ વર્ષીય ઓસ્ટ્રેલિયન ગર્લફ્રેન્ડ સાથે લગ્ન કરશે.